ગાંધીનગર સમાચાર
તા. ૩-૧-૨૦૧૪,શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

# ગુજરાત સહિત આખા દેશમાં ‘આપ’ની આંધી?

એક તરફ અરવિંદ કેજરીવાલને એમની સરકાર કયાં લગી ટકી શકશે એ મુદ્દે અવઢવ છે તો બીજી તરફ બેઉ રાષ્ટ્રીય પક્ષો કેજરીવાલને કેવી રીતે ઘેરવા એની તરકીબો શોધવા ઉજાગરા કરી રહ્યા છે. વિધાનસભાના સ્પીકરની ચૂંટણી માટે એમના સમર્થનનું ગાણું ગાનારી કોંગ્રેસ પણ પોતાનો ઉમેદવાર મૂકતી હોય ત્યારે આ મુદ્દો સ્પષ્ટ બની જાય છે. પોતાને પજવવા બેઉ રાષ્ટ્ર્ય પક્ષો વચ્ચે કશુંક રંધાઈ રહ્યું હોવાની કેજરીવાલની શંકા સાચી લાગે છે. પરંતુ એની પરવા કર્યા વગર અરવિંદ કેજરીવાલ યુદ્ધમાં કેસરિયાં કરવા કૂદી પડેલા સૈનિકની જેમ આંખો મીચીંને આરપારની લડાઈ લડી રહ્યા છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ વિષાદમાં સરી પડેલા અર્જુનને કહે છે : તું ક્ષત્રિય છે અને યુદ્ધ કરવું એ તારો સ્વધર્મ છે. પરિણામની ચિંતા કર્યા વગર બસ, લડ્યે જા. મરીશ તો વીરગતિ પામીશ અને જીતીશ તો આખી પૃથ્વીને ભોગવી શકીશ. હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં, જિત્વા વા મોક્ષ્યસે મહીમ્....। કેજરીવાલ તો કયારેય વિષાદ પામ્યા જ નથી. એ શરૂથી જ સંકલ્પ બદ્ધ છે. ઊલટાનો એમને તો ગુરુપદે સ્થાપેલા અણ્ણા હજારેનો ઠંડો પ્રતિભાવ બલકે કયારેક તો ખુલ્લો વિરોધ સહન કરવો પડ્યો છે. પણ આપણા નર્મદની જેમ એ ડગલું ભરી દીધા પછી પારોઠનાં પગલાં ન ભરાયા એવી સ્પષ્ટ વિચારસરણીમાં માને છે. એમની આ સંકલ્પ શક્તિને કારણે એમને પ્રજામાં ભારે સમાદર સાંપડી રહેલ છે. ગુજરાત ગઈકાલ સુધી મોદી રંગે રંગાયેલું હતું. કોંગ્રેસના સમર્થ સાંસદ દિનશા પટેલે ઉંમરનું બહાનું આગળ ધરીને આગામી લોકસભાની ચૂંટણી નહીં લડવાનો નિર્ણય જાહેર કરી દીધો છે. અરવિંદ કેજરીવાલના ઉદયની સાથે જ નિરાશ પ્રજામાં એક અનેરા ઉત્સાહનું મોજું ફરી વળ્યું છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટીના બેનર હેઠળ એક ત્રીજું રાજકીય પરિબળ ઊભું થઈ જાય એવા સંકેતો સાંપડી રહ્યા છે. ડાઘ વગરના લોકસેવકો અને કર્મશીલોને આમ આદમી પાર્ટી એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડી રહી છે. ગૂજરાત વિદ્યાપીઠની કેન્ટીનમાં સાંધ્ય ગોષ્ઠી કરતા વિચારકોથી લઈ ખેડૂતો અને ખેતમજૂરોના હક્કોની લડાઈ લડનારા મહુવાના માજી ધારાસભ્ય ડૉ. કનુભાઈ કળસરિયા અને લાઠીના ભામાશા ગણાતા સેવાભાવી નેતા હનુભા ધોરાજિયા જેવા લોકનિષ્ઠ અગ્રણીઓને આમ આદમી પાર્ટી સાથે જોડાઈ દેશમાં ફૂંકાઈ રહેલા કેજરીવાલ મોજાને ગુજરાતમાં સ્થાપિત કરવાનું ઉચિત લાગ્યું છે. ડૉ. કળસિયા સત્યની સાથે રહેનારા લોકસેવક છે. એમની ઈમાનદારી અને લોકનિષ્ઠાનું પ્રમાણ ‘નિરમા’ સામેની લડતમાં એમને મળેલી જીત સ્વરૂપે મળી ચૂકેલ છે. ભાજપમાં લડતમાં એમને મળેલી જીત સ્વરૂપે મળી ચૂકેલ છે. ભાજપમાં રહીને એ ભાજપ સરકારની લોક વિરોધી અને ઉધ્યોગપતિઓને લાભ પહોંચાડનારી નીતિ સામે જીવ સટોસટ ઝઝૂમતા રહ્યા હતા. ગઈ ચૂંટણીમાં એમણે ઉતાવળે સદ્ભાવના મંચના ઉપક્રમે ઝુકાવી દીધું અને નિષ્ફળતા સાંપડી એનો વસવસો કર્યા વગર તેઓ પ્રજા વચ્ચે સક્રિય રહ્યા છે. કેજરીવાલમાં એમને કાળા ડિબાંગ વાદળની રૂપેરી કોર જેવી આશાનાં અજવાળાં વરતાયાં છે. દેશમાં બધા જ રાજકીય પક્ષો ભ્રષ્ટાચારને શિષ્ટાચાર સ્વરૂપે સ્વીકારી ચૂક્યા હોય ત્યારે એક વીરલો લાકડાની તલવારે માથે કફન બાંધીને લડી રહ્યો છે તે કોઈ નાનું સૂનું આશ્વાસન નથી. ડૉ. કળસરિયા ભાજપ છોડ્યા પછી કોંગ્રેસ સાથે જોડાવાનું વિચારી રહ્યા હતા. પરંતુ એમનું મન માનતું નહોતું. કેશુભાઈ પટેલના નેતૃત્વવાળી ગુજરાત પરિવર્તન પાર્ટીના મંચ પર પણ તેઓ દેખા.ા હતા પણ ચૂંટણી એના પ્રતીક પર લડ્યા નહોતા. એમને હવે ભ્રષ્ટાચારની સાફસૂફી કરનારું ઝાડુનું પ્રતીક સાંપડ્યું છે. એક પગ સુરતમાં અને બીજો લાઠી-લીલિયામાં રાખતા અમરેલી પંથકના લોકનેતા હનુભા સ્વમાની અને સાચા માણસ છે. ભાજપમાં પ્રવેશેલી વ્યક્તિપૂજા તથા વિતંડાવાદથી તે નારાજ હતા. આવા અનેક કાર્યકર્તાઓ કોંગ્રેસમાં અને ભાજપમાં કોઈ સુયોગ્ય ત્રીજા વિકલ્પની રાહ જોતા બેસી રહ્યા હશે. જેમને આમ આદમીનું બૅનર એમની પ્રવૃત્તિ માટે ઉપલબ્ધ થશે. તેથી ગઈ કાલ સુધી રાજકીય ક્ષિતિજે રાષ્ટ્રીય સ્તરે જ્યાં ઍનડીએ અને યુપીએ જેવાં ચીલાચાલુ ગઠબંધનો ઉપરાંત મહત્ત્વાકાંક્ષી પ્રાદેશિક નેતાઓનું ત્રીજું સહવડિયું પરિબળ માથું ઊચકતું વરતાતું હતું, ત્યાં આ તદ્દન નવું ચોથું પરિબળ ઉમેરાતાં ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીનાં બધાં સમીકરણ સખત ડખળ થઈ જાય તો નવાઈ નહીં લાગે. કેજરીવાલ ઍન્ડ કંપની કોઈ સત્તાભૂખી પરંપરાગત રાજકીય મંડળી નથી. એ તો લોકો દ્વારા, લોકોના પ્રશ્નો હલ કરવાની મહત્તવાકાંક્ષા સાથે લોકો વચ્ચેથી ઊભું થયેલું બૌદ્ધિક કર્મશીલોનું જૂથ છે, જેણે પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે બહુ જ ઓછા સમયમાં રાજધાનીના રાજયમાં કાઠું કાઢ્યું છે- એટલું જ નહીં, એમને ઉપલબ્ધ થયેલ તક ઝડપી લઈ ચૂંટણી ઢંઢેરામાં પ્રજાને આપેલાં વચનો પણ ગણતરીના દિવસોમાં પાળી બતાવ્યા છે. લાલ લાઈટ વાળી વીઆઈપી સંસ્કૃતિથી જોજનો દૂર રહી પ્રજાના પ્રતિનિધિઓને પોલીસ રક્ષણની પણ જરૂર ન હોવી જોઈએ, એનો દાખલો બેસાડ્યો છે. દિલ્હી દેશની રાજધાની હોવાથી કેજરીવાલને પૂરતું મીડિયા કવરેજ મળી રહ્યું છે. આજની તારીખે સર્વેક્ષણ હાથ ધરવામાં આવે તો, સંસાધન, કદ, કાઠી અને અનુભવમાં મોદી કરતાં કયાંય નાના લાગે એવા અરવિંદ કેજરીવાલ લોકપ્રતિસાદની રૂએ ચડિયાતા બની ચૂક્યા છે. એમની સાદગી, પ્રામાણિકતા અને પારદર્શકતામાં ઉમેરાયો છે એમનો ત્વરિત નિર્ણય લઈ સુયોગ્ય વહીવટ કરવાનો શુભ સંકલ્પ. કોઈપણ રાજકીય પક્ષને પૈસાદારો- ઉદ્યોગપતિઓ સાથે એમની શરતે સંકળાવું પડતું હોય છે કારણ કે ચૂંટણી લડવા માટે મસમોટું ચૂંટણી ફંડ ભેગું કરવું પડે છે. કેજરીવાલ સામે પણ આવાં છિદ્રો શોધવાના કારસા શરૂ થઈ ગયા છે. ગૃહખાતાએ એમના નેતાઓનાં બેંક ખાતાં ફંફોસવાની દાટી આપી છે. કેજરીવાલ વિદેશી નાણાં વડે ચૂંટણી લડતા હોવાનો આક્ષેપ પણ થયો છે. પરંતુ ઈનકમ ટૅક્ષ ખાતાનો અનુભવ ધરાવતા યુવાન નેતાને ફસાવવાના તમામ પ્રયાસો આજલગી નિષ્ફળ રહ્યા છે. પ્રજાના કામ માટે તેઓ પ્રજા પાસેથી જ ચૂંટણી ફાળો ઉઘરાવશે. ભ્રષ્ટાચારની સામે આરંભેલી ઝુંબેશમાં તેઓ એમને વ્યૂહાત્મક ‘ટેકો’ આપી રહેલી કોંગ્રેસના નેતાઓ સામે નિશાન તાકતાં પાછી પાની નહીં કરે. તેથી કદાચ એમની સરકારનું બાળમરણ નીપજશે તો પણ લોકમાનસમાં એમની છવિ વધુ ઊજળી બનીને ઊભરશે. આમ અત્યારે તો કેજરીવાલના બેઉ હાથમાં લાડુ છે. ગુજરાત જેવા એક જ નેતાને વરેલા પ્રદેશમાં પણ જો એમને પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો હોય તો દેશના બાકીના પ્રદેશોમાં તો એમની આંધી ચાલી શકે! આગામી દિવસોમાં એવી આંધી આવશે તો એ પ્રજાના અને લોકશાહીના હિતમાં જ હશે એટલી આગાહી કોઈપણ જોખમ વગર કરી શકાય. મોદીના દિગ્વિજય કરવા નીકળેલા અશ્વમેઘ યત્રના ઘોડાને એ અધવચ્ચે જ પડકારી રહ્યા હોય એમ નથી લાગતું?





અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓ દ્વારા કોલેજમાંથી બધા જ વિદ્યાર્થીઓ દ્વારા ગરમ કપડા એકઠા કરવામાં આવ્યા હતા. આજે ગાંધીનગર ઘ-૫ અને તેના આસપાસના વિસ્તારમાં રહેતા જરુરીયાતમંદ લોકોને આ કોલેજ દ્વારા એકઠા કરેલા કપડાને એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓ દ્વારા વિતરણ કરી સેવાનું ઉમદા કાર્ય કર્યું હતું. આ કાર્યને સફળ બનાવા માટે પ્રોફેસર જયેન્દ્ર જાદવ તેમજ પ્રોફેસર સમીર પંડયા અને એન.એસ.એસ. સેક્રેટરી પંચાલ ગાયત્રી, શાહ ઈશિતા, વાઘેલા પરિંદા, એ.જી.એસ. રાજપૂત હેતલ તેમજ એન.એસ.એસ.ની અન્ય વિદ્યાર્થીનીઓ દ્વારા સેવાનું ઉમદા કાર્ય કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું.

## હરિની દૃષ્ટિ...




*ભાઈ, અમારો આભાર માન અમે તને ‘આમ’ જ રહેવા દીધો, તને ઇન્કમટેક્ષ, કારનાં પેટ્રોલનાં ભાવ, મકાનનાં હપ્તા, વીજળીનાં બીલ વિગેરેના ત્રાસથી આજ સુધી બચાવ્યો છે...!! હવે તું જ નક્કી કર...!!*
www.hari ni nazera.wordpress.com any idea ??..
sms 93761 62515



કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ચોથી વાર્ષિક એથ્લેટીક સ્પર્ધાઓમાં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. આ રમતોત્સવમાં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગની જાગૃતિ ચૌધરીએ લાંબીકૂદમાં, ચંપા ચૌધરીએ ૩૦૦૦ મીટર દોડમાં, પરિમલ ગામીતે ૧૫૦૦ મીટર દોડમાં, ચક્ર અને ગોળા ફેંકમાં પ્રિયંકા ચૌધરીએ, બરછી ફેંકમાં જાગૃતિ ચૌધરીએ અને ઊંચીકૂદમાં પ્રિયંકા ચૌધરીએ પ્રથમ આવી ગોલ્ડમેડલ જીત્યા હતા. આ ઉપરાંત ૧૫૦૦ મીટર દોડમાં શિવાની પટેલે, ચક્રફેંકમાં ઉર્વશી કાપડિયાએ, ગોળાફેંકમાં કિંજલ બારીયાએ ૪x૧૦૦ મીટર રીલે દોડમાં શિવાની પટેલ, નિશા પટેલ, જાગૃતિ ચૌધરી અને ચંપા ચૌધરીએ દ્વિતિય સ્થાને આવી સિલ્વર મેડલો જીત્યા તા તેમજ ૪x૪૦૦ મીટર રીલે દોડમાં શિવાની પટેલ, નિશા પટેલ, મૌલિકા પટેલ અને પીનલ ચૌધરીએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. શાળા પરિવાર તથા સ્પોર્ટસ ઈન્ચાર્જે તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## કડી યુનિવર્સિટીના રમતોત્સવમાં એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન ખેલાડીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલયનો રમતોત્સવ તા. ૨૮મી ડિસેમ્બરે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે યોજાયો હતો. આ રમતોત્સવમાં એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના તાલીમાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. જેમાં કૈલાસબેન પટેલે બરછી ફેંકમાં દ્વિતીય, રૂપા સાવડિયાએ ૪૦૦ મીટરની દોડમાં તૃતીય તેમજ નિકુંજ મહેતાએ લાંબીકૂદમાં તૃતીય સ્થાન મેળવી કોલેજને ગૌરવ અપાવ્યું હતું. વિજેતા રમતવીરોને કોલેજના આચાર્યા તથા કર્મચારીગણે અભિનંદન પાઠવ્યા હતા.

# ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાની શાળાઓમાં આરોગ્ય તપાસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા પી.એચ.સી.ની ૯ શાળાઓમાં આરોગ્ય કાર્યક્રમ હાથ ધરાયો હતો. અત્યાર સુધીમાં શાળા આરોગ્ય કાર્યક્રમમાં કુલ ૧૫ શાળાઓના ૨૧૨૨ બાળકોને આવરી લેવાયા હતા.



કલ્પતરુ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા પ્રેરીત આ કાર્યક્રમમાં દહેગામ તાલુકાના મહુડિયા, મોતીપુરા, મોટી પાવડી, નુજુપુરા, પશુજીની મુવાડી તથા અમરભારતી વગેરે ગામની ૯ શાળાઓના ૬૫૬ બાળકોની આરોગ્ય તપાસ કરી જરુરી હોય ત્યાં દવાઓ આપવામાં આવી હતી. ગાંધીનગરથી સેવા સમિતના ડૉ. કે.એમ. ચીતણીયા, ડૉ. સુવિણા ચીતણીયા, પી.એચ.સી.ના ડૉ. અતુલ પંડયા, મિલિન્દ ગુપ્તે, ગોપાલભાઈ તેમજ દિનેશ પરમાર વગેરેએ સેવાઓ પુરી પાડી હતી. આ ઉપરાંત દરેક શાળાના કર્મચારી ગણનો પણ ઉમળકાભેર સહકાર પ્રાપ્ત થયો હતો. અત્યાર સુધીમાં સેવા સમિતિએ જન ભાગીદારીમા કલ્પતરુ વેલ્ફેર ટ્રસ્ટના સહકારથી કુલ ૧૫ શાળાઓના ૨૧૨૨ બાળકોની આરોગ્ય તપાસણી કરી લીધી છે.





## ગોપાલન ઉદ્યોગ દ્વારા સ્વરોજગારીની તાલીમ અપાઈ

સાંપ્રત સમયમાં બેરોજગારોની વિકટ પરિસ્થિતિ સામે યુવા મહિલાઓ ગોપાલન ઉદ્યોગ દ્વારા સ્વરોજગાર બની સ્વાવલંબી જીવન જીવતાં શીખે તે માટે ૧લી જાન્યુઆરીના રોજ શ્રી મહાદેવભાઈ દેસાઈની જન્મ જયંતી પ્રસંગે ગ્રામસેવા અને સમાજ સેવા અર્થે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગૌ-સંવર્ધન કેન્દ્ર સાદરાના પ્રાધ્યાપક શ્રી રમેશભાઈ પટેલ દ્વારા શિહોલી મોટી ગામની ૩૫ યુવા મહિલાઓને ગોપાલન ઉદ્યોગ માટેની તાલીમ અપાઈ, જેમાં ગૌ-સંવર્ધન કેન્દ્રની દૂધસાગર નામની ગાયે દિવસમાં ૨૮ લીટર દૂધ, મહિનામાં ૮૪૦ લીટર દૂધ અને વર્ષમાં ૪૮૦૦ લીટર દૂધ આપ્યું તે અંગેનું તેમજ ગોબર ગેસ પ્લાન્ટ દ્વારા વિનામૂલ્યે ઊર્જા પેદા કરવાનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું.

## જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલયનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સેક્ટર-૭ ખાતે આવેલ જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયનો વાર્ષિકોત્સવ તા. ૩૧મી ડિસેમ્બરે સેક્ટર-૧૭માં આવેલ ટાઉનહોલ ખાતે ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ બાળકોના સર્વાંગી વિકાસ અને તેમની આંતરિક સુષુપ્ત શક્તિઓને ખિલવવાના હેતુસર યોજવામાં આવ્યો હતો. વાર્ષિકોત્સવમાં શાળાના નાના નાના ભૂલકાઓએ પ્રાર્થના, સ્વાગતગીત, બાળનૃત્ય, રાસ, નાટક અને દેશભક્તિ ગીત જેવા અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ ઉપરાંત વેસ્ટર્ન ડાન્સ, રાજસ્થાની નૃત્ય, ટીપ્પણી નૃત્ય, પંજાબી નૃત્ય અને ગરબા દ્વારા પણ બાળકોએ સારી જમાવટ કરી હતી. બાળકોના આ સુંદર પ્રદર્શનથી પ્રભાવિત થઈને શાળાના ટ્રસ્ટીગણ તથા સંચાલકો અને કર્મચારીગણે વિવિધ ઈનામો પણ જાહેર કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા મિનાબેન ચૌધરીએ શાળાની વિવિધ પ્રવૃત્તિઓથી હાજર સૌને માહિતગાર કર્યા હતા.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકોએ અક્ષરધામની મુલાકાતે

ગાંધીનગર પાસે આવેલ લેકાવાડાની ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત વિદ્યાર્થીઓને સે. ૨૦માં આવેલ પ્રખ્યાત અક્ષરધામ મંદિરની મુલાકાતે લઈ જવાયા હતા. શાળાના અધ્યાપન કાર્યની સાથે સાથે સંસ્કારનું પણ સિંચન થાય તે માટે આયોજિત કરાયેલાપ્રવાસમાં બાળકોએ અક્ષરધામ મંદિર સ્થિત પ્રદર્શની અને વૉટર શૉ પણ નિહાળ્યા હતા. પ્રેમવતી રેસ્ટોરન્ટમાં ભોજનનો આસ્વાદ પણ માણ્યો હતો.

# એકબીજાને પામવા મથતા બે દિલો એકબીજાને માપવામાં કયારેક થાપ ખાઈ જાય છે...

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

જીવન સાથીની પસંદગીમાં એક પદ્ધતિ સામાન્ય છે કે માતાપિતા કોઇ પાત્રને પસંદ કરે પછી યુવક/યુવતી વચ્ચે મુલાકાત ગોઠવાય છે. જોકે ૧૫-૨૦ મિનિટની મુલાકાતમાં કોઇ વ્યક્તિનો સંપૂર્ણ પરિચય મેળવવો અઘરી બાબત છે. પણ યુવતોના સંતોષ ખાતર આ પ્રક્રિયા કરવી પડે છે. આવી મુલાકાતોમાં ઘણીવાર બહુ વિચિત્ર પ્રશ્નો પૂછાતા હોય છે, કયારેક તો ગ્રામ્ય વિસ્તારનો કે ઓછું ભણેલો, શરમાળ પ્રકૃતિનો યુવક આવા પ્રસંગે મુંઝવણ અનુભવે છે કે શરૂઆત કયાંથી કરવી? કેવી રીતે કરવી? એક રમુજી પ્રસંગથી શરૂઆત કરીએ.

એક યુવક-યુવતી વચ્ચે મુલાકાત ગોઠવાઇ. યુવક શરમાળ પ્રકૃતિનો હતો. એકાંતમાં યુવતીને જોઇ તેણએ ગભરાતાં ગભરાતાં પ્રશ્નો પૂછ્યો, બહેન, તમે કેટલા ભાઇ-બહેન છો? યુવતીએ સ્વસ્થતાથી જવાબ આપ્યો, અત્યાર સુધી બે હતા પણ હવેથી ત્રણ.... કયારેક તો પોતાની ક્ષમતા કે મર્યાદાનો વિચાર કર્યા વગર પુછવા ખાતર કયાં તો રોફ જમાવવા ખાતર કારણ વગરના પ્રશ્નો પૂછાતા હોય છે. એક શ્રીમંત પરિવારનો યુવક કે જેની લાયકાત ફક્ત એટલી જ હતી કે તે ગર્ભશ્રીમંત હતો, દેખાવ સામાન્ય, માંડ એસ.એસ.સી. પાસ કરેલી, છતાં ગ્રેજ્યુએટ યુવતીને પ્રશ્ન પુછે છે કે તમે આગળ ભણવાનો વિચાર કેમ પડતો મૂક્યો? આટલા વર્ષ કુંવારા કેમ રહ્યાં? રસોઇ બધા જ પ્રકારની બનાવી શકો? પાર્ટીમાં, સંમેલનોમાં કે કિટી પાર્ટીઓમાં જવાનો શોખ ખરો? જે યુવક માંડ એસ.એસ.સી. પાસ હોય કે ગ્રેજ્યુએટ યુવતી પાસે આવી અપેક્ષા રાખે તેની માનસિકતા અંગે શું કહી શકાય? પણ તે એવું માનતો કે અમારો શ્રીમંત પરિવાર છે, મોટું ખાનદાન છે એટલે ઘરમાં શોભે તેવી કન્યા જોઇએ. પોતાના અભ્યાસ વિશે કન્યાએ પ્રશ્ન પૂછ્યો તો તેણે જવાબ આપ્યો કે અમારે કયાં કમાવા જવું છે? પેઢીઓ ચાલે તોય ખુટે નહિ તેટલી બાપ-દાદાની મિલકત છે. જયાં ફક્ત મિલકતને પ્રાધાન્ય અપાતું હોય ત્યાં કેળવણી કે સંસ્કારની કિંમત શું હોય?

એક ગજબનો કિસ્સો એક જીવનસાથી પસંદગીમેળામાં જાણવા મળ્યો. એક કન્યાએ અભ્યાસ કરવામાં અને ઉચ્ચ કારકિર્દીના ઘડતર માટે લગ્નની ઉંમર વટાવી દીધી. લગભગ ૩૫ વર્ષ થઇ ગયા હવે તે લગ્ન માટે ગંભીર બની. મુરતીયા શોધવાનો પ્રારંભ કર્યો. એક પાનનું પાર્લર ચલાવતો યુવક યુવતી પાસે માગુ લઇને આવ્યો. યુવતીએ તેનો અભ્યાસ અને ઉંમર પૂછતાં તે ગુસ્સે થઇ. એસ.એસ.સી. થયેલો યુવક મારા હાથની માગણી કઇ રીતે કરી શકે? યુવક હેન્ડસમ, અને ૫’- ૧૦’’ ની ઊંચાઇ વાળો હતો તેણે યુવતીનો સામો પ્રશ્ન કર્યો મેડમ! તમે આટલું બધુ ભણ્યા તે વાત ખરી પણ તમારી લગ્નની ઉંમર હવે વીતી ગઇ છે. તમારા લાયક મુરતીયો મળવો મુશ્કેલ છે. જો મારી પસંદગી કરવામાં આવશે. તો હું ‘તમને ખુબ પ્રેમથી રાખીશ, તમે ગમે ત્યાં નોકરી કરી શકો છો, હું કોઇ વાંધો નહિ લઉં. ઘરની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે. આપણું દાંપત્યજીવન ખુબ સુખી થશે કારણ કે મારૂં પાર્લર પણ સારૂં ચાલે છે... યુવતી એટલી અપસેટ થઇ ગઇ કે તેણે યુવકને ‘ગેટ આઉટ’’ કહી દીધું તે. ગુસ્સાથી રાતીચોળ થઇ ગઇ... આ યુવાનો પોતાની જાતને શું સમજતા હશે? બીજા એક કિસ્સામાં એક યુવકે યુવતીને પ્રશ્ન કર્યો તમે ગુજરાતી, પંજાબી, ચાઇનીઝ રસોઇઓ બનાવી શકો? જાણે જીંદગીમાં ખાવા સિવાય કોઇ કામ જ ન હોય... બીજી બધી લાયકાત સારી હોય ફક્ત રસોઇ કરતાં ન આવડે તો તે શીખવી મુશ્કેલ ન પડે. પણ યુવક-યુવતીની પાત્ર પસંદગીની મુલાકાતમાં કયારેક આવા કારણ વગરના, અવિચારી અને દાંપત્યજીવનને કોઇ લાગતા વળગતા ન હોય તેવા પ્રશ્નો પુછાતા હોય છે.

એક યુવક પોતાની જાતને ખુબ જ મોર્ડન સમજતો હતો. તેણે યુવતીને બિન્દાસ થઇને પુછી નાખ્યું ત્યારે કૉલેજમાં કોઇ બોયફ્રેન્ડ ખરા કે નહિં? યુવતી આ પ્રશ્નથી એકદમ ડઘાઇ ગઇ, જો પ્રશ્નનો જવાબ ‘હા’ માં આપે તો તેના ચારિત્ર્ય વિશે શંકા કરે. જો. ‘ના’ માં જવાબ આપે તો પોતાની જાતને મોર્ડન સમજતો યુવાન કન્યાને દેશી માને. યુવતીએ ચતુરાઇ પૂર્વક જવાબ આપ્યો કે ‘કોઇ સંસ્કારી યુવક હોય તો ફક્ત ફ્રેન્ડશીપ કરવી ગમે’ પણ હજુ આવો વિચાર કર્યો નથી. એક યુવક અમેરીકામાં સેટ થઇ ગયો હતો તેને પી.આર. પણ મળી ગયા હતા તે કન્યા શોધવા ઈન્ડિયામાં આવ્યો એક યુવતીને મુલાકાતમાં તેણે પૂછ્યું હું અમેરીકામાં વેલસેટ છું પણ તારે મમ્મીને સેવા કરવા માટે ઈન્ડિયામાં જ રહેવું પડે કારણ કે પપ્પા છે નહી, મમ્મીને એકલા રખાય નહિ. યુવતીએ પુછ્યું, પણ આપણે મમ્મીનેય અમેરિકા સાથે ન રાખી શકીએ? યુવકે કહ્યું ના, મમ્મી ગ્રામ્ય વિસ્તારમાં રહેવા ટેવાયા છે તેમને અમેરિકામાં ન ફાવે, આ જાતની માનસિકતા ધરાવતા યુવકને કન્યા સહેલાઇથી મળે ખરી? કેટલા લોકો ફક્ત પોતાના મતલબ પુરતી કે પોતાના હિતો જળવાય તેવી જ અપેક્ષા રાખતા હોય છે પરિણામે પાત્ર શોધવામાં મુંઝવણ અનુભવે છે.

ઘણીવાર યુવાનો પોતાના જીવનનો ધ્યેય નક્કી કરી શકતા નથી. પોતાના જીવનસાથીની પસંદગી બાબત ચોક્કસ વિચારસરણી ધરાવતા નથી. તેમને વૈભવ પણ જોઇએ. પત્ની સંસ્કારી અને દેખાવડી પણ જોઇએ અને પોતાનું કહ્યું કરે તેવી પણ જોઇએ. દરેક વ્યક્તિનું એક સ્વતંત્ર અસ્તિત્વ અને સ્વતંત્ર વિચારધારા હોય છે. દરેકના વિચારોની અને માન્યતાઓની પણ એક મર્યાદા હોય છે. પરસ્પરની વિચારધારાનો આદર કરવામાં ન આવે તો દાંપત્યજીવનમાં તિરાડ પડતાં વાર લાગતી નથી. કયારેક સમસ્યા ગંભીર પણ બને છે.

એક યુવાને વાતચીત દરમિયાન યુવતીને બેધડક પૂછી નાખ્યું કે લગ્નેત્તર સંબંધો બાબત તમો શું વિચારો છો? ધારો કે મારે નોકરીના સ્થળે સહકર્મચારિણી સાથે ફ્રેન્ડશીપ થાય અને આ ફ્રેન્ડશીપ આત્મિય બને તો તમે વાંધો લો ખરા? યુવતીએ સ્પષ્ટ રીતે કહી દીધું કે લગ્નેત્તર સંબંધો બિલકુલ ન ચાલે, નહિ એટલે નહિ જ... આમાં કોઇ તર્ક ચાલી શકે નહિ. જયાં સુધી આવા વિચારોમાંથી બહાર ન નીકળાય ત્યાં સુધી યુવાનોએ લગ્ન કરવાનું ટાળવું જોઇએ. ઈંગ્લેન્ડથી ફક્ત લગ્ન કરવા ઈન્ડિયામાં આવેલા યુવકને એટલા બધા અરમાનો હતા કે ઈન્ડિયાની કોઇ પણ સુંદર છોકરી **NRI** યુવકને લગ્ન કરવાની ના પાડી શકે જ નહીં. ઘણી કન્યાઓ જોયા બાદ મુંબઇની એક સ્વરૂપવાન કન્યા પણ તેણે પસંદગી ઉતારી. સુંદરતાના તમામ લક્ષણો ધરાવતી આ યુવતી સમક્ષ તેણે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. આ સ્વરૂપવાન કન્યા આર્કીટેક હતી. તેણે યુવકના અહમ્ પર સીધો ઘા કરતાં કહ્યું, **“I Love My India”** હું અહીં ઘણી સુખી છું મને ફોરેનનો કોઇ મોહ નથી. આ યુવકે ત્રણ મહિના સુધી ઘણી કન્યાઓ જોઇ પણ કોઇ કન્યા તેને પસંદ ન પડી. જે તેન પસંદ પડે તે ઈન્ડિયા છોડવા માગતી ન હતી. ઘણીવાર સામે ગમે તેટલા પ્રલોભનો હોય છતાં કોઇ લોભાતું નથી. પોતાની વિચારધારામાંથી એને ચલિત કરી શકાતું નથી.

સમાજમાં એવું પણ બને છે કે જેટલી ઝડપથી બે પાત્રો એક થાય છે એટલી જ ઝડપથી છુટા પડે છે. કારણ કે એક થવાની પ્રક્રિય કે માર્ગ જ ખોટા હોય છે. ઘણીવાર એવો પ્રશ્ન થાય છે કે સહજીવન સામે તડપતા બે દિલો સહજ રીતે છૂટા કેમ પડી જતા હશે? કોઇકે કદાચ સાચુ જ કહ્યું છે કે મેરેજીસ આર મેઇડ ઈન હેવન, ધેન વોટ ઈઝ ઈન હેલ...? ડેટ આફ્ટ્ર મેરેજ... જો કે આ પ્રશ્નો ૧૯૭૦ પછી જન્મેલાઓ માટે વધુ સમસ્યારૂપ બનતા જાય છે. ઘણીવાર બંને વચ્ચે અઢળક પ્રેમ હોય પણ તેને વ્યક્ત કરવાની કલા ન હોય તોય કારણ વગરના પ્રશ્નો ઊભા થતા હોય છે. આમ જીવનસાથીની પસંદગીનો પ્રશ્ન અઘરો, પેચીદો અને મુંઝવણ ભર્યા હોય છે. બંને વચ્ચે પાકી સમજદારી અને એકબીજાનો આદર કરવાની ભાવના જ દાંપત્યજીવનને સુખી બનાવે છે.